મે ૨૦૧૫

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# અનુક્રમણિકા


૩ દાદાજી કહે છે...

૪ મીઠી યાદેં

૬ આ તો નવી જ વાત!

૮ નામનું શું કામ ?

૯ ફૂડ કોર્નર

૧૦ નિશ્ચયબળથી અંતરાય તૂટે

૧૪ મનગમતી વાર્તા

૧૬ એબ્રાહમ લિંકન ની 'વેલ્ડીંગ' કળા


# અક્રમ એક્સપ્રેસ

# સંપાદકીય

બાળમિત્રો,

'છુટ્ટી કે દિન આયે, મઝે કે દિન લાએ....'

જેની આપણે આતુરતાથી રાહ જોતા હોઈએ એવું કંઈ હોય તો એ છે વેકેશન. અને એ વેકેશનમાં તમે જેની આતુરતાથી રાહ જોતા હો એવું કંઈ હોય તો એ છે.......

શું છે?

અક્રમ એક્સપ્રેસનો રજા...એ...મજા...નો અંક. હા, એ અમને ખબર છે અને તેથી જ અમે ખાસ તમારા વેકેશનની મજાને ધ્યાનમાં રાખીને આ અંક સાથે આવ્યા છીએ. સરસ મજાની વાર્તાઓ સાથે બીજું ઘણું બધું આમાં છે. વાંચો અને મજા કરો.

-ડિમ્પલ મહેતા

# રજા...એ...મજા...


તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૭, અંક : ૯
સળંગ અંક : ૮૧
મે ૨૦૧૫



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Printed & Published by**

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



## દાદાજી કહે છે...

દાદાશ્રી : તમે મુક્ત હાસ્ય જોયેલું ?
પ્રશ્નકર્તા : આપનું હાસ્ય જોયું છે ને.
દાદાશ્રી : હા, એ જ મુક્ત હાસ્ય કહેવાય.
પ્રશ્નકર્તા : અમને મુક્ત હાસ્ય થાય એવા સંજોગ છે તો એ શાથી અટક્યું છે ?
દાદાશ્રી : મુક્ત પુરૂષ સિવાય કોઈ એ હાસ્ય કઢાવે નહીં. મુક્ત પુરૂષ મુક્ત હાસ્યથી તમને મુક્ત હાસ્યમાં લાવે. મહીં જાતજાતની ખેંચો રહેલી છે, તેથી રડવાને ટાઈમે રડતો નથી ને હસવાને ટાઈમ હસતો નથી.

હાસ્ય શાથી આવે છે ? આ ઘરડા કાકા વધારે કેમ હસે છે ? નિર્દોષતા છે એટલે, સરળ છે તેથી. સરળ એટલે જેમ વાળો તેમ વળી જાય, સોનાની પેઠ.
પ્રશ્નકર્તા : એટલે નિર્દોષતા વધે એમ હાસ્ય વધે ?
દાદાશ્રી : હા, એ નિર્દોષતાનો જ ગુણ છે.

## મુક્ત હાસ્ય, મુક્ત પુરૂષનું !

'જ્ઞાની પુરૂષ' નિરંતર મુક્ત અવસ્થામાં હોય, તેથી સામાનું પણ મહીં ખૂલી જાય ! અમારું મુક્ત મન રહે, કોઈ અવસ્થામાં એક ક્ષણ પણ એ બંધાય નહીં. 'જ્ઞાની પુરૂષ'ના દર્શનથી જ બધા ઉલ્લાસમાં આવી જાય, ને એનાથી તો કેટલાંય કર્મો ઉડી જાય.
પ્રશ્નકર્તા : આપની જોડે વાત કરતાં કરતાં અમને કોઈ વખત મુક્તપણે હસવું આવે છે, તે મુક્ત હાસ્ય કહેવાય ?
દાદાશ્રી : હા, તે વખતે મુક્ત થાય છે. એમ કરીને પ્રેક્ટિસ પડે છે, નહીં તો આ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' એવું અમારે શું કામ કરવાની જરૂર ? એ વખતે મહીંનો કચરો નીકળે છે ને મુક્ત થાવ છો.





# મીઠી યાદેં

૧૯૯૭ની વાત છે. પર્યુષણનો સમય હતો. પૂજ્યશ્રી અમેરિકા ગયા હતા. તે વખતે એક જૈન સમાજે ઘણા વક્તાઓને પ્રવચન માટે આમંત્રિત કર્યા હતા.

પહેલા દિવસે સવારે સાત વાગે એક વક્તાનું પ્રવચન હતું. પ્રતિક્રમણનો વિષય હતો. આખો હોલ ખીચોખીચ ભરેલો હતો. સમય થતાં પેલા ભાઈ આવ્યા એટલે બધી પબ્લિક ઊભી થઈ ગઈ. એ ભાઈને બેસવા માટે સ્ટેજ પર પ્લાસ્ટિકની સાદી ખુરશી મૂકી હતી. સંજોગોવશાત સંચાલક એમની માટે સ્પેશિયલ ખુરશીનો બંદોબસ્ત નહોતા કરી શક્યા. પેલા ભાઈએ જેવી એ ખુરશી જોઈ કે તરત ઉશ્કેરાયા અને સંચાલકને કહેવા લાગ્યા કે, 'આ શું ? ઓડીયન્સમાં પણ આ ખુરશી અને મને પણ આ ખુરશી ? તમે મારો વિનય નથી રાખતા. અમે ઠેઠ ઈન્ડિયાથી આવીએ છીએ. બે કલાક મારે આના પર બેસીને લેકચર આપવાનું છે ને આવી ખુરશી તમે મને મૂકી છે, મારું ધ્યાન તો રાખો.' એમ કહી એ જવા લાગ્યા.

ઓડિયન્સ સડાક થઈને આ દ્રશ્ય જોતી રહી ગઈ. સંચાલકે બીજી ખુરશીની વ્યવસ્થા કરી આપીએ છીએ કહી રોકાઈ જવા વિનંતી કરી પણ ભાઈ માન્યા નહીં અને ધમધમ કરીને હોલની બહાર નીકળી ગયા.

સંચાલકો બધા મૂંઝાઈ ગયા કે હવે કરવું શું ? ક્યાં જઈએ ? કોને કહીએ ? એ ઓડિયન્સમાં આપણા એક મહાત્મા હતા. એમણે ખટપટ કરી અને સંચાલકને કહ્યું કે, એક ભાઈ છે. તેઓ પ્રતિક્રમણ વિષે બહુ સારું બોલે છે. તમે કહેતા હો તો એમને હું લઈ આવું.

સંચાલકે તરત કહ્યું, "લઈ આવો પણ એમને આ ખુરશી ચાલશે ?"

મહાત્મા બોલ્યા, "આપણે ટ્રાય કરી જોઈએ. નહીંતર પ્રોગ્રામ બંધ તો થવાનો જ છે."

એમ કહી એમણે પૂજ્યશ્રી સાથે જે આપ્તપુત્ર હતા એમને ફોન કરી બધી વિગત કહી. આપ્તપુત્ર માની ગયા. મહાત્માએ એમની દ્વિધા વ્યક્ત કરી, "પણ ખુરશીનું શું કરશું ?"

આપ્તપુત્રે કહ્યું, "શું બને છે જોઈએ."

આપ્તપુત્રે પૂજ્યશ્રીને વાત કરતા કહ્યું, "તમને અનુકૂળતા હોય તો આપણને એક ચાન્સ છે. આપણી પાસે બે કલાકનું લેકચર છે, અને દસેક મિનિટ મોડું થયું છે. તમે કહેતા હો તો આપણે ગોઠવીએ." આમ એમણે ખુરશીની કોઈ વાત ન કરી.

પૂજ્યશ્રીએ 'હા' કહી અને તરત તૈયાર થઈ ગયા. તેઓ હોલમાં દાખલ થયા. પબ્લિક બેઠી હતી તે બેઠી જ રહી. બધા પહેલી વાર પૂજ્યશ્રીને જોતા હતા. પૂજ્યશ્રીએ આવીને બધાને હાથ જોડ્યા, સ્ટેજ પર ચડ્યા અને



આરામથી ખુરશી પર બેસી ગયા.

જેવા તેઓ ખુરશીમાં બેઠા કે પબ્લિક જોરજોરથી તાળીઓ પાડવા લાગી. અને પછી પ્રતિક્રમણ ઉપર સુંદર સત્સંગ થયો.

ત્યારથી દર વર્ષે સંચાલકો એમને બોલાવવા લાગ્યા કે અમને આ જ સ્પીકર જોઈએ છે.

આ પ્રસંગ પરથી નીરુમા પોતાનું કહેતા.....

'અમને કેવું હોય ? અમને જે ખુરશી મળી હોય એના પર આરામથી બેસી જઈએ. કોઈ વિચાર જ ના કરીએ. પણ જો પૂછવામાં આવે તો કહીએ.'

નીરુમા સાથે એક વાર આવું બનેલું. પર્યુષણમાં નીરુમા પહેલા ચાર દિવસ અમદાવાદ હોય અને પછીના ચાર દિવસ મુંબઈ હોય. ચાર દિવસ એટલે આઠ સેશન. એમાંથી ત્રણ સેશન પૂરી થઈ ગયા પછી કોઈક આપ્તપુત્રે એમને પૂછ્યું, "નીરુમા, તમને આ ખુરશી ફાવે છે ?"

નીરુમાએ કહ્યું, "ના, આના કરતાં પેલી ખુરશી હોય તો મને વધારે ફાવે. જ્યારે છ-છ કલાક બેસવાનું હોય ત્યારે મોટી ખુરશી હોય તો જરા ફાવે."

નીરુમા કહે, અમને જો 'વ્યવસ્થિત' પૂછવા આવે તો અમે કહીએ. ઉદય કર્મમાં ડખો કે ડખલ કરવી એનું નામ બુદ્ધિ. અને ઉદય કર્મમાં ડખલ ના કરવી એનું નામ જ્ઞાન.

અને સાથે કહે, દિપકને કેવું ? એને પૂછવામાં આવે તોય કહેશે, 'ચાલશે'.

***અહો ! અહો !***
***આ અદભૂત***
***જ્ઞાની !***

# આ તો નવી જ વાત!



જ્યાં અક્કડ થવાની સ્થિતી, ત્યાં નમ્ર થાય, એનું નામ ખાનદાની



તમે તમારા ઘરનું પારકાને આપો ત્યાં જ આનંદ છે ત્યારે લોકો લઈ લેવાનું શીખે છે.

જેમ વકીલ થવાની દરેકને છૂટ હોય છે તેમ ભગવાન થવાની પણ દરેકને છૂટ હોય. જે ભગવત ગુણો પ્રાપ્ત કરે એ ભગવાન થાય.




આ દુનિયામાં મોટામાં મોટો પુણ્યશાળી કોણ ? જેને કુસંગ ન અડે એ.








લપસી નથી પડવું એવો દ્રઢ નિર્ણય કર્યો અને પછી લપસી પડે એ ગુનો નથી. પણ દ્રઢ નિર્ણય જ નથી કર્યો અને લપસી પડે એ ગુનો છે.

# નામનું શું કામ ?

દેશના ભાગલા પહેલાંની વાત છે, જમશેદજી મહેતા કરાંચીમાં રહેતા હતા. કરાંચીના વિકાસમાં એમનો ભારે હિસ્સો રહ્યો છે. કરાંચીમાં હોસ્પિટલ બાંધવાનો નિર્ણય થયો. જે દાતા દસ હજાર રૂપિયા આપે તેના નામની આરસની તકતી મૂકવાનો સમિતિએ નિર્ણય કર્યો. ઘણા ઉદાર સજ્જનોએ મોટી રકમનું દાન કર્યું.

પણ જમશેદજીએ દસ હજારમાં પચાસ રૂપિયા ઓછા આપ્યા. આ જોઈ એક મિત્રને આશ્ચર્ય થયું. એમણે જમશેદજીને પૂછ્યું, 'જમશેદજી, તમે આમ કેમ કર્યું ? ૫૦ રૂપિયા કેમ ઓછા આપ્યા?'

જમશેદજીએ પોતાની ભૂમિકા સમજાવી. નમ્રતાપૂર્વક તેઓ બોલ્યા, 'ભાઈ, ભગવાને મને જે કાંઈ આપ્યું છે, એનો ઉપયોગ લોકસેવામાં થાય તેમાં મને સંતોષ અને આનંદ છે. નામની તકતી મૂકાવવામાં નહીં.'





# ઊણોદરી એટલે શું?

પ્રશ્નકર્તા : ઊણોદરીનો અર્થ શો ?

દાદાશ્રી : ઊણોદરી એટલે આપણને પ્રમાણ સમજાય કે આજે ભૂખ બહુ લાગી છે એટલે ત્રણ લાડુ ખવાઈ જશે. તો એક લાડુ ઓછો કરી નાખવો. કો'ક વખત બે લાડુ ખવાશે એવું માલૂમ પડે તો તે ઘડીએ સવા લાડવો ખાવો. પ્રમાણ આપણને સમજાય તેનાથી આપણે ઓછું કરી નાખવું. નહીં તો આખો દિવસ ડોઝિંગ (ઘેન) રહેશે.


ખોરાકના ચાર ભાગ પાડી દેવાના. બે ભાગ રોટલી-શાકના, એક ભાગ પાણી અને એક ભાગ ખુલ્લો રાખવો વાયુ સંચાર માટે. આવું કરીને ખાઈએ તો ઘેન ન ચડે.

ઊણોદરીથી આખો દહાડો જાગૃતિ રહે. ઉપવાસથી શું થાય છે કે બીજે દહાડે પાછા દાબીને ઠોકે પાછો. ઉપવાસમાં આખી કોથળી ખાલી થઈ ગઈ હોય અને પછી ભરે તે આખો કોથળો ભરાય ત્યાં સુધી ખાય.

અમે ઊણોદરી તપ ઠેઠ સુધી રાખેલું ! બેઉ ટાઈમ જરૂરિયાત કરતાં ઓછું જ ખાવાનું. કાયમને માટે !

જેમ આહાર ઘટે તેમ પ્રમાદ ઘટે અને બુદ્ધિનું ડેવલપમેન્ટ (વિકાસ) થાય. બહુ ખોરાકથી બુદ્ધિ જાડી થઈ જાય.

ફૂડ કોર્નર



# નિશ્ચયબળથી અંતરાય તૂટે












ત્યાં તો એની નજર જાળુ બાંધતા એક કરોળીયા પર પડી.
જાળુ બાંધતા બાંધતા એ વારંવાર જમીન પર પડી જતો હતો...
...છતાં હિંમત ન હારતા એ ફરી ફરી ઉપર ચડતો અને આમ એણે જાળુ બાંધવાનું ચાલુ જ રાખ્યું.
આખરે એ જાળુ બાંધીને જ રહ્યો.


આ જોઈ રાજાને વિચાર આવ્યો...
આ કરોળીયો જો હાર નથી માનતો, તો હું માણસ થઈને કેમ હાર માનું?
હું પણ હિંમતભેર ફરી પ્રયત્ન કરીશ અને મારું રાજ્ય પાછું મેળવીને જ રહીશ.
આમ રાજાએ મજબૂત નિશ્ચય કરી ફરી યુદ્ધની તૈયારીઓ શરુ કરી.




નિશ્ચયબળ બધા અંતરાય તોડી નાખે છે. નિશ્ચય કરવાં છતાં ય મોળા પડી જાય તો ફરી ફરી નિશ્ચય કરવો. પણ 'આ મારાથી નથી થતું' એવું ના બોલવું. એવું બોલવાથી બગડી જાય.

# મનગમતી વાર્તા


ચાલો બાળકો, આવો અને તમારો ભાગ લઈ જાવ.


આ તારા માટે છે.
તેઓ એમની ચોકલેટ્સ બધાને કેવી રીતે આપી શકે છે ?


જય સચ્ચિદાનંદ પૂજ્યશ્રી
જય સચ્ચિદાનંદ


હું તમને એક પ્રશ્ન પૂછું ?
શું ?


તમે તમારી મનગમતી વસ્તુ બીજાને કેવી રીતે આપી શકો છો ? હું મારી વસ્તુ કોઈને ન આપુ.


પોતાની વસ્તુ બીજાને આપવાથી મોટા મનના થવાય. અને મોટા મનની કિંમત આ ચોકલેટ કરતા ઘણી વધારે છે. એ મોક્ષ માટે પણ હેલ્પફૂલ છે.


માટે આ ચોકલેટ લે અને મોટા થવાનો ગુણ તારામાં કેળવ.


પૂજ્યશ્રી, મને કાયમ માટે મોટા મનના થવાની શક્તિ આપો.


દાદા તને શક્તિ આપે !

# એબ્રાહમ લિંકનની

યુ.એસ.એ.ના સોળમા પ્રેસીડન્ટ એબ્રાહમ લિંકનની આ વાત છે. પ્રેસીડન્ટ બનતા પહેલા લિંકન વ્યવસાયે વકીલ હતા. પણ તેઓ સામાન્ય વકીલ કરતા જુદા પ્રકારના વકીલ હતા. ગમે તેટલા પૈસા મળે તો પણ ખોટો કેસ એ ક્યારેય લડતા નહીં. એ તો ઠીક, પણ મોટે ભાગે પોતાની ફી જતી કરીને પણ તેઓ બે વિરોધીઓ વચ્ચે સમાધાન કરાવી આપતા. કોર્ટકેસો લડીને જ તેમને જીવવાનું હતું. છતાં પોતાના સ્વાર્થને જતો કરીને પણ માણસ માણસ વચ્ચે સુમેળ કરી આપવામાં જ તેઓ પોતાની શક્તિ ખર્ચતા.


એક વાર પોતાના ઘોડા ઉપર કાયદાના પુસ્તકો લાદીને એ એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. રસ્તામાં એમને એક ખેડૂત મળ્યો.

'હલ્લો, અંકલ ટોમી,' લિંકને એ ખેડૂતને સલામ કરી, 'મજામાં છો ને?'

'અરે લિંકન, હું તારી પાસે જ આવતો હતો. કોર્ટમાં આપણે એક કેસ કરવાનો છે.' ખેડૂત બોલ્યો.



# 'વેલ્ડીંગ' કળા



'કઈ બાબતમાં?' લિંકને પૂછ્યું.

'જો ને ભાઈ, જીમ એડમ્સની જમીન અને મારી જમીન બાજુબાજુમાં છે. હમણાં હમણાં એ મને બહુ હેરાન કરે છે. મેં નક્કી કર્યું છે કે ગમે તે ખર્ચ થાય, પણ એને દેખાડી જ દઉં! માટે કોર્ટમાં કેસ કર્યા વિના છૂટકો નથી.' ખેડૂત કેસ કરવા ઉત્સૂક હોય એવું લાગ્યું.

'અંકલ ટોમી,' લિંકને કહ્યું, 'આજ સુધી તમારે અને જીમને ક્યારેય કોઈ ઝઘડો થયો નથી, બરાબર ને?' લિંકને પૂછ્યું

'બરાબર.'

'આમ તો એ સારો પાડોશી છે, બરાબર ને?'

'સારો તો નહીં, પણ ઠીક કહી શકાય.'

'છતાં વર્ષોથી તમે એકબીજાના પાડોશી તરીકે જીવો છો એ તો સાચું ને?'

'હા, પંદરેક વર્ષથી.'

'પંદર વર્ષમાં ઘણા સારા-માઠા પ્રસંગો આવ્યા હશે અને એમાં તમે એકબીજાને મદદરૂપ પણ બન્યા હશો, બરાબર ને?'

'એમ કહી શકાય ખરું.'

'અંકલ ટોમી,' લિંકને કહ્યું 'આ મારો ઘોડો બહુ સારી જાતનો તો નથી જ અને એનાથી સારો ઘોડો કદાચ હું લઈ શકું એમ પણ છું. પરંતુ આ ઘોડાની ખાસિયતો હું જાણું છું. તેનામાં જે કંઈ ખામીઓ છે તેનાથી પણ હું પરિચિત છું અને મારું કામ ચાલે છે. જો હું બીજો ઘોડો લઉં તો અમુક રીતે તે આના કરતાં સારો પણ હોય, પણ તેનામાં વળી બીજી કેટલીક ખામીઓ હોય, કારણ કે દરેક ઘોડામાં કાંઈક ને કાંઈક ખામી તો હોય જ છે. એટલે મને તો એમ લાગે છે કે, આ ઘોડાની ખામીઓ કરતા એની ખાસિયતો લક્ષમાં રાખી એની સાથે નિભાવી રાખવું એમાં જ ઘોડાનું અને મારું બંનેનું ભલું છે.'

લિંકનની વાત સાંભળીને ખેડૂતે માથું હલાવ્યું: 'તારી વાત બરાબર છે, જીમ એડમ્સ સાથે નિભાવી લેવું એમાં જ એનું અને મારું બન્નેનું ભલું છે.'

જોયું મિત્રો, લીંકને પોતાની પોઝીટીવ દ્રષ્ટિ અને બોધકળાથી બે પાડોશીઓ વચ્ચે કેવું સુંદર વેલ્ડીંગ કરી આપ્યું!

આજે આપણે પણ નક્કી કરીએ કે કોઈની સાથે ડીસ-એડજસ્ટમેન્ટ થાય તો એ વ્યક્તિના પોઝીટીવ ગુણો જોઈને એની સાથે એડજસ્ટ થઈ જઈશું, ખરું ને?

## હા...હા...હી...હી...

## ૧.

બે સ્ત્રી કેરીના ઝાડની નીચે બેસીને બે કલાકથી વાતો કરતી હતી, ત્યારે અચાનક એક કેરી ઝાડ પરથી નીચે પડી

***પહેલી સ્ત્રી*** : હજુ તો કેરીને પાકવાની વાર છે તો આ કેરી કેવીરીતે નીચે પડી?

પહેલી સ્ત્રીની વાત સાંભળીને બીજી સ્ત્રી કોઈ જવાબ આપે તે પહેલાં કેરીએ પોતાના બે હાથ જોડીને જવાબ આપ્યો કે હું પાકી ગઈ છું, હું તમારા બેયની બે કલાકથી વાતો સાંભળી સાંભળીને હું પાકી ગઈ છું!

## ૨.

***ટીચર*** : મોન્ટુ, ૧ થી ૧૦ સુધી એક્કા બોલી સંભળાવ.

***મોન્ટુ***: ૧,૨,૩,૪,૫,૭,૮,૯,૧૦....

***ટીચર*** : ૬ ક્યાં ગયો?

***મોન્ટુ***: ટીચર, તે તો મરી ગયો.

***ટીચર*** : મરી ગયો કેવી રીતે મરી ગયો?

***મોન્ટુ*** : ટીચર, આજે સવારે જ ટીવી પર ન્યૂઝ આવતા હતા કે સ્વાઈનફ્લૂમાં ૬ ના મોત થયા છે

## ૩.

***સોનુ*** : હું મોનુને લઈને આજકાલ બહુ પરેશાન છું. તેના હેન્ડરાઈટીંગ એટલા ખરાબ છે કે સરખી રીતે વાંચી પણ શકાતા નથી.

***ચિન્ટુ*** : મોનુના હેન્ડરાઈટીંગ ખરાબ છે એમાં તું શા માટે ટેન્શન લે છે?

***સોનુ*** : વાસ્તવમાં પરીક્ષાખંડમાં તે મારી આગળ જ બેસે છે...

## ૪.

એકવાર ત્રણ ગપોડી ભેગા થયા.

***પહેલો*** : મારા દાદાજીના જમાનામાં એક માણસ પાંચમાં માળેથી પડી ગયો હતો તો પણ કંઈ થયું નહોતું.

***બીજો*** : બસ , મારા દાદાજીના જમાનામાં એક માણસ પચાસમાં માળેથી પડી ગયો હતો તોપણ કંઈ થયું નહોતું.

***ત્રીજો*** : બસ, મારા દાદાજીના જમાનામાં એક માણસ પાંચસોમાં માળેથી પડી ગયો હતો (આટલું બોલીને તે ચૂપ થઈ ગયો.

પહેલો અને બીજો એકસાથે બોલ્યાઃ પછી શું થયું?

ત્રીજો કહે, પછી શું, માણસ હજી સુધી નીચે પડ્યો નથી, પડશે તો કહી દઈશ.

## ૫.

***એક વૃદ્ધ***: "બેટા કેમ છે?"

***સોનુ***: "સારું છે"

***વૃદ્ધ***: "અભ્યાસ કેવો ચાલી રહ્યો છે?"

***સોનુ***: "એકદમ તમારી જિંદગીની જેમ!"

***વૃદ્ધ***: "તારા કહેવાનો મતલબ સમજ્યો નહી?"

***સોનુ***: "ભગવાન ભરોસે"

## ૬.

***સોનુ*** : ગઈકાલે ત્રણ કલાક સુધી હું ફિલ્મો જોતો રહ્યો પણ તેમાં કોઈ સીન્સ ન આવ્યા કે ન કોઈ જ પ્રકારનો અવાજ સંભળાયો.

***મોનુ*** : ફિલ્મનું નામ શું હતું.

***સોનુ*** : નો ડિસ્ક ઈન્સર્ટેડ.

# સીમંધર સીટી



## ગામેગામ યોજાયેલ સમર કેમ્પની એક ઝલક

Akram Express

May 2015
Year : 7, Issue : 9
Conti. Issue No.: 81

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month






<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.